I/1921 10-1-1921

પ્રભુ!  પ્રભુ!

ઝોપડીમાં શું છે?

ચંપાની કળી

દોહરો.

કીંમતમાં તો કંઈ નથી, કે અણમુલો લાભ;
ખરીદો ચુકો હોંસથી, લેશ કિંતનો બાળ.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.

આશાભાઈ દેશાઈભાઈ પટેલ

શાન્તિપીઠ-ઉમરેઠ

નડીઆદ શ્રી શારદા વિજય પ્રીન્ટીંગ પ્રેસમાં
શા. સુરજીવનદાસ અ. એ છાપ્યો. ઠે-સાંથપોળ

આવૃત્તિ ૨. —— પ્રત ૫૦૦૦

સને ૧૯૨૦ સંવત ૧૯૭૬

કીંમત દોઢ આનો

વાંચો વંચાવો અને લાભ લ્યો.

પૂછો તો પૂછો.

ભહેલાલાની ભાંજગડ

સહેરવાન [illegible], આ [illegible] જેમ બને તેમ જલદી અમારી નાની ચોપડી [illegible] બે આનાની ટીકીટ બીડી [illegible] લેવા ખાસ વિ-[illegible] વાંચવા [illegible] છે.

[illegible] મળી [illegible] ચોપડી [illegible] મુજબ.

[illegible] પટેલ.

[illegible] નો. લ. મંદીર.

[illegible] સુરત.

અમદા

ફરજ એટલે શું

(રાગ ઉકળતા લોહી જેવો)

વિદ્વાનો વિદ્વાની તમારી આમ શું બતાવો ૧
ગરીબ દેશી બંન્ધુઓને આમ શું સતાવો. વિદ્વાનો૦
ભણી ગણીને ડાહ્યા થયા તેમાં તમો સતાવો. ૨
ગરીબ નીજ બન્ધુઓને દુઃખ ના આપાવો, વિદ્વાનો૦
પૂર્વજો તમારા નહોતા ભણ્યા ગણ્યા રૂપાળા. ૩
રૂપાળા થઇને લુંટ ચલાવી કરવા બેઠા ગોટાળો, વિદ્વાનો૦
મહેનત મજુરીથી પુરું કરે તેના પૈસા તમે પડાવો ૪
જુઓ ભણેલાનો ધર્મ પ્યારા આમ શું બતાવો, વિદ્વાનો૦
સ્વાર્થ આગળ ધર્મ નહિ એજ ચલાવો ધારો. ૫
હિંદ માતા રૂદન કરે છે હાય શું રીબાવો, વિદ્વાનો૦
પૈસા માટે અંધ બનીને જુલમ તમો ગુજારો. ૬
કાકાના ભત્રીજા કરી પેટ ના બળાવો, વિદ્વાનો૦
ખેડૂત લોકો કંઇક એવા દુઃખથી પીડાય છે. ૭
તેના તમો પૈસા લઇને મોજમજા ઉડાવો, વિદ્વાનો૦
પૈસાની ખુવારી કરવા હોટલમાં સિધાવો. ૮
મોટરોમાં બેસી તમો ડુમસ તરફ પધારો. વિદ્વાનો૦
પાની અને વીસ્કીની બાટલીઓ આંખ મીંચી તાણો ૯
ગરણું બગને ગો સાથેમાં લેજો જે જે તમો ઉડાવો. વિદ્વાનો૦
પ્રભુને ભજવા ભુલી ગયા છો અનીતીમાં ઝંપલાવો. ૧૦

ખીસ્સુ તમારૂં તર કરીને વળી પાછા પીડાવો, વિદ્વાનોસ૦
સાધુ સંત કોઇ માગવા આવે ધમકી આપીને કાઢો. ૧૧
જુઓ સુધારો ફેલાયો ભાઇ હાય શું અકારો, વિદ્વાને૦
જુઓ વિદ્યાનો સુધરેલા પ્યારા જુલમ ખરો ચલાવ્યો. ૧૨
ગરીબ બીચારા ભૂખે મરે તેવો બુરો ધર્મ આવ્યો. વિદ્વાનો૦
ક્યાંથી લાવ્યા છો ડીગ્રી તમારી હોય લખ્યું બતલાવો, ૧૩
પ્રભુની આગળ જવાબ દેવો પડશે ત્યારે ગભરાવો. વિદ્વાનો૦
કહે બાબુલાલ કરજોડી તમોને ક્ષમા કરો મુજ દોષ ૧૪
હિંદ માતાના હૃદય અર્થે લખ્યો છે મેં આ કોષ. વિદ્વાનો૦

હમારો પ્યારો દેશ ?

(રાગ કવાલી.)

હતો મુજ દેશ તો પ્યારો હવે બહુ યાદ આવે છે. ૧
રહી નવ દુઃખની સીમા ખરે દીલ તો મુંઝાવે છે.
હતું જે દેશમાં બુલબુલ ગુમાવ્યું તે અહીં આવી. ૨
કહું કથની સુણો પ્યારા વીતેલું દુઃખ જે ભારી,
હતી મગ પ્રેમથી પ્યારી અમારી પ્રેમદા નારી. ૩
ગયો છોડી કહું ચાલી અરે શું દીલમાં ધારી,
બોટાનો વેડ તો કીધો કહું છોડી પ્રિયા મારી. ૪
હવે દુઃખમાં પડ્યો આવી ખરે ક્યાં છો પ્રિયા મારી.
રૂપૈયા દોઢસો મળતા વળી બીજા ઘણા પડતા. ૫
છતાં ભોજન વિના ગળતા અમે દુઃખથી હવે ડરતા,
બજાવી નોકરી સારી બીસીમાં ભોજના જમતા. ૬

ભરે પેટ નહિ જમતા અરેરે દુઃખમાં રડતા
મુખે વ્યસન તો વળગ્યું શુમાવ્યું જે હતું પાસે. ૭
રહી નવ પાઇ પણ પાસે મરૂં છું હાય હવે ત્રાસે,
શરીરની તો કીધી ખુવારી લજાવી જાતને મારી. ૮
પડયો પરદેશમાં આવી ખરે કયાં છે પ્રિયા મારી,
મરણ આ થાય છે મારૂં નથી અમ સાથમાં કોઇ. ૯
લખું એક પત્ર પ્યારીને પ્રિયા તું જાણજે રોઇ,
પ્રણામ આ પત્રનો કરજે ધ્યાન હૃદયથી ધરજે. ૧૦
હવે સ્વર્ગે મને મળજે વચન એ કોલનો પળજે,
હતી જે હોંસ મનની તો અધુરી તે મૂકી ચાલ્યા. ૧૧
લખેલા લેખ શું આવા વિધાતા તે હવે ભાળ્યા,
પ્રિયા તે પ્રેમથી મુજને વચનમાં તો લીધો બાંધી. ૧૨
જાઉં છું એકલો હું તો મુઠી લઇ હાથની બાંધી.
લીધો તો જન્મ મેં જ્યારે માતાજીએ કર્યો મોટો, ૧૩
ભણાવ્યો પિતાએ ત્યારે કીધો મેં દેશને ખોટો,
અરે મુજ દુઃખની સીમા અધુરી તો મૂકું અહીંથી. ૧૪
જુઓને ભાગ બીજામાં બતાવ્યું જે રહ્યું તહીંથી,
વદે ભાઇલાલ મુખથી શું કેવો પરદેશ છે પ્યારો. ૧૫
સ્થિતી અમ નીજની જોતાં આંસુથી ચાલતાં નારાં.

કવ્વાલી.

અરે આવ્યો હતો જ્યાંથી હવે હું ત્યાં જવાનો છું ૧
તજી આ દેહ પીંજરને નીરાકારી થવાનો છું
ઘણું તોફાન તો કરતો હતો હું બાલુડો જ્યારે ૨
જુવાનીમાં દીવાનો તો હવે, શું કરવાનો છું
રહયો માયા મહી રાજી જીત્યો હું જુઠની બાજી ૩
જરા જગનાથ ના જાણ્યા હવે ત્યાં હારવાનો છું
નથી હિસાબ મેં રાખ્યો હશે જે ચોપડે એના ૪
લખેલું તે વંચાવાનું જરૂર હું માગવાનો છું
કરી કાળાં અને ધોળાં ઉડાવી મોજ દુનિયામાં ૫
કર્યાં જે કર્મ તેનું હું કડુફળ ચાખવાનો છું
સગાના સ્નેહને તોડી પ્રિયાના પ્રેમને તોડી ૬
હવે કિરતારના દરબારમાં જરૂર હાજર થવાનો છું
પિતાથી વેર તો કીધું ભાઇને મુકયા વિસારી ૭
પ્રિયાથી પ્રેમ રાખ્યો તે હવે શું કરવાનો છું
જાઉં છું એકલો હું તો નહિ કો સાથમાં મારી ૮
પ્રભુની પાસમાં જઇને અરે શું બોલવાનો છું
ઘણી ખટપટ ચલાવીને ખજાનો જે કર્યો ભારી ૯
મુકી સઘળું કહું આંહી ખરેખર ત્યાં જવાનો છું
પ્રભુને કોલ દીધો તો કરીશ સતકર્મ સંસારે ૧૦
કહી દરબારમાં તેનો હિસાબજ આપવાનો છું
કમાયો ખુબ દોલતને વસાવ્યા મેલને માળા ૧૧
અરે હું એકલો સઘળું મુકી અહીંથી જવાનો છું

કર્યું પરમાર્થ ના ફંડમાં ભર્યાં ના ભક્તિનાં ભાથાં ૧૨
પ્રભુની પાસમાં જઇને હવે શું માંગવાનો છું,
જગતમાં જન્મ લેતા હા હતી બાંધી મૂઠી મારી ૧૩
ઉઘાડી લઇને હાથે હવે હું તો જવાનો છું
કરો પરમાર્થ ઓ ભાઈ સાથે તે આવવાનું છે ૧૪
કરો શું આમ જાણીને જરૂર હું પુછવાનો છું
કહે ભાઇલાલ સુણો બંન્ધુ કરો સતકર્મ સંસારે ૧૫
પછીથી આહ શું કરશો જરૂર હું લુખવાનો છું

લેખક—ભાઇલાલ.

(રાગ કવાલી)

અરે બન્ધુ સુણો પ્યારા ચલાવો સત્યના માળા
વળી અસત્યની બાજી કહો તમ જીતશો ક્યારે
કર્યા ના કાર્યો કોઇ સારાં તમારા બન્ધુઓ માટે;
મરે છે ત્રાસથી ભારી તમારા હીતને માટે

દીઠો શું લાભ ઓ પ્યારા ખરે જીંદગી નકામી છે
બીજાને દુઃખ આપીને અરે શું સુખ માન્યું છે
ખરો જે કીંમતી હીરો ખોટામાં શું લજાવો છો
સનાતન ધર્મના ખોળે બીજાને શું સતાવો છો

બતાવો આંખ કરડી શું ધતીંગ કેવું ચલાવો છો
ખરૂંને ખોટું સમજાવી ખરે જુલમ બતાવો છો

તમારી સાયુબી તમને બસેને છાજતી રૂડી,
બીજાની ગરદનો કાપી બતાવો આમ શું રૂડી
ઘુમાવી હાથની બાજી તમોએ શી મઝા લીધી
પોલીસનમાં પડયા આવી ખુવારી તો અરે કીધી
બજાવી જાતને મોટી ચલાવી આમ શું નીતી
ભુલ્યા છો ધર્મ જે પ્યારા સુધારીને કરો પ્રીતી
લગાવી નેહ ખોટામાં પડો છો પાપમાં ભારી
અરે નહિ તોય તમ કામો ખરે શું જીંદગી બારી
બીજાની મીલકતો તમને હજમ કેવી અરે થાશે
જરૂર ધન એહેનો જાસે અરે મરશો કહું ત્રાસે
બજાવો સત્યના ડંકા જુઠામાં શું રહ્યા વળગી
જુઠા છે ઝેરના પ્યાલા પીવામાં શું રહ્યા વળગી
પ્રભુ અમ પક્ષ તો કરશો અમો બાળક તમારાં જે
અનિતી મૂળથી કાઢી હઠાવો દુઃખ છે આજે
અરે અમ દેશમાં અમને જુઠામાં છે લીધા જોડી
હવે તેથી બચાવોને કહું છું હાથ બે જોડી
લખે ઈલાહ અંતરથી જુઓને આ લખ્યું મારૂં
અમલ શો જોઈને પ્યારા જુઠાને માનીને ખારૂં

ઉછળતા લોહી જેવો.

અરે ઓ પુત્રો હિંદના પ્યારા તમે પકડયા રસ્તા ન્યારા
કહે સેવક સર્વને પ્યારા જરા લાગસે તમને ખારા અરે

૨ મુળથી ખીલેલી તે કરમાણી……હાય હવે શું થાશે
દુઃખના વાદળ ઘેરાણાં માથે……ક્યારે દૂર થાશે અરે
૩ સપડાએલાં જે હિંદ માતા વિલાપ કરે છે અપાર
અરે નીજ બંધુઓ પુત્રો તેના મદદ કરો આવાર અરે
૪ ભૂમંડળમાં રહો સૌ ભાઈ કરો ના કુસુંમ્પ દુઃખદાઈ
સત્ય સંમ્પનો સ્થંભ બનાવી રહો સર્વ સુખદાઈ અરે
૫ હતી લક્ષ્મી જે ભારતમાં ક્યાં સોદા પરદેશ
ફેશનબાઈના ફંદે પડતાં મર્યા બન્યુ અમ દેશ અરે
૬ જુવાનીમાં દિવાના બનતા પછી પસ્તાઈ મરશો
ઉભ્યા જેટલું જાય વૃથા તો હાય તુરત ડરશો અરે
૭ ભોળા પણું શું આમ બતાવો જુઓને સૌઓ ભાઈ
હિંદ બન્ધુ સૌ ભુખે મરવાનો વર્ત્યો જમાનો આંય અરે
૮ અમન ચમનમાં શુંરે પડયા છો ધ્યાન આપોને ધારી
ભારત પુત્રોનું ભલું થાય એમ મુખે ભજો ત્રીપુરારી અરે
૯ પ્રભુ રહી અમ પક્ષમાં પોતે મદદ કરજો જાણી
પુત્રો પ્યારા દુઃખી દારા મરે જમાનો આણી અરે
૧૦ કોણ માત કોણ તાત જમાના ખરે લડાવી માર્યા
પ્રિયાની સાથે પ્યારમાં નાંખી આખરે ઉલ્લુ બનાવ્યા અરે
૧૧ કરણી જોઈને લખ્યું ભારતની ક્યારે દશા સુધરશે
અરે વિરલા હિંદને સાથમાં દહાડા ત્યારે કંઈ વરશે અરે
૧૨ સુધર્યા એમ શું જાણો બંન્ધુઓ અરે બગડવા આવ્યા
માગ્યા મેહ વરસતા હિંદમાં ત્યાં દુકાળ પડવા લાગ્યા અરે

૧૩ લખાણુ વાંચી કહુ બન્ધુઓ ક્રોધ કરોના કાંઈ
નમી ભાઈલાલ આજ કહે છે હવે સુધારો બોધ ઉરે
લેખક:—ભાઈલાલ.

(રાગ ગઝલ)

સટાબાજી ભગાભાઈ.

જુઓ ભગાભાઇ ભણવા બેઠા માત પિતાને શું કહે છે ૧
પરદેશમાં જાવું છે કમાવા શા માટે રોકે તું છે
હઠ છોડીને મા!! માની પિતાજીને કરૂં પ્રણામ ૨
પગ પકડીને નાખું કુવામાં ધાર્યું કરૂં હું મારૂં કામ
છે મીલકત પીતાજીની જે કરૂં સઘળી હું મારે હાથ ૩
સટાનો સોદો કરવાને જાવું નહિ હું ખાલી હાથ
બાબર ભાઇએ સટામાંથી બાર હજાર લીધા મારી ૪
મથુરભાઇએ સટામાંથી સીતેર હજાર લીધા તારી
સોમાભાઇએ સેંકડો લીધા સટે ચઢીને લેર કરે ૫
ચતુર ભાઇ તો ચાર રૂપીયામાં ઘેર બેઠાં ગુલતાન કરે
શું સટો શું સટો ઓજે સટો ઘણો મુંબઇમાં થાય ૬
કોલાબાનો બજાર જોવાને દીલ મારૂં કહું છે લલચાય
પાંચ લાખની મીલકત મારી સટાથી નહિ ડરવાનો ૭
ઘરની પ્રિયાથી રજા લઇને આજ સટે હું ચઢવાનો
માતા મનથી તો સમજી શું પુત્ર ચઢ્યો છે ચકડોળે ૮
સમજાયો સમજે નહિ મારો હાય હરી હું તારે ખોળે
ભગા ભાઇ ઘરમાં આવીને પ્રિયાને કહેવા લાગ્યા ૯

સટો કરવા જાતું છે મારે આપ રજા લેવા આવ્યાં
માત પીતાને મારી નાંખ્યાં આવ્યો છું પાસે તારી ૧૦
મોજ કરીશું હવે આપણે સટામાં ગુલતાન કરી
થર થર કંપી કહે પ્રેમદા જુલમ કર્યો શો તમે પતિ ૧૧
ઉંધી મતી સમજાવી કોણે આવી પડયા છો દુઃખમાં અતિ
નાથ ન જાવા દઉં હું તમને છે મીલકત જે ભારે દામ ૧૨
નવ ખુટે ખાધેથી પ્યારા હોય નહિ જો રળવા હામ
ઘેર બેઠાં ગુલતાન કરીશું સટે હું નહિ ચઢવા દઉં ૧૩
સટાનું મેં કાળું સમજી અરે કેમ હું ચઢવા દઉં
ભાઇલાલે ભાખ્યું આગળથી સટે ચઢી મરવાના છે ૧૪
ભીખ માગતાં પુરૂં ન થાએ બીજા ભાગમાં અડવાના છે

ગઝલ

૧ અરેરે હિંદના પુત્રો તમોને શી લગન લાગી
બન્યા અક્કલ તણા ક્યારા છતાં બુદ્ધિ ગઈ નાસી અ૦
૨ થયા મશગુલ આમાં રે લગાવી મુખમાં લાલી
ધર્યું ના ધ્યાન પ્રભુનું તમારી આ દશા આવી અ૦
૩ છતી આંખે બન્યા અંધા જરાતો ધ્યાન આપોને
તમારી દેશ હાલત જોઇ તમો દેને વિચારોને અ૦
૪ બુરી નીજ દેશ હાલત આ વધારામાં સુધારી જે
કરો છો આમ શું જાણી સુધારામાં વધારી જે અ૦
૫ જુઓને શોખનાં છિદ્રો તમોને આજ બતાવું
કરે છે લેર જે શાણા હવે તેને હું દર્શાવું અ૦

૬ ખરીદો વસ્ત્રો બહુ બારીક તમારા દીલ પસંદ આણી
પૂછોના દામ જરા ધારી ખરી હાલત તમે આણી અ૦
૭ વળી પ્રિયા તમારીને ચઢાવો છો બહુ ભાળી
રહો છો રોફમાં રાજી કરો અહંકાર શું બાઇ અ૦

૮ લગાવો ધ્યાન નાટકમા પ્રિયાને સાથમાં રાખી
કરાવો ટીકીટો રીઝર્વ તમારા દીલની ધારી અ૦
૯ પડે જ્યાં ડ્રોપ તાળીના પ્રિયાની સાથમાં હસતાં
ગમ્મતમાં ત્યાં ઘણા પડતા પછી પસ્તાઇને રડતા અ૦

૧૦ કરો ઉજાગરા ભારી જરા પાછા નહિ પડતા
ચલાવ્યો શોખ દુનિયામાં અરે શું રંગમાં મરતા અ૦
૧૧ લગાડી મોહની જે છે અરે ઓ પ્યારા બંધુઓ
હઠાવોને હવે તેને અરે ઓ દેશી બંધુઓ અ૦

૧૨ કરો ઉછરંગ આવું ના કહું પ્યારા હવે મારી
સુણાવું વાત જે સારી આપો સૌ ધ્યાન ત્યાં ભારી અ૦
૧૩ જોઇને સ્થિતિ ભારતની તમે રંગો નવા રમતા
હવે તેને સુધારોને તમારા દેશમાં વસતાં અ૦

૧૪ લખેલું માનજો પ્યારૂં તમારા દીલથી ધારી
કરો ના આમતો જાણી તમારા દેશને મારી અ૦
૧૫ લખ્યું જે ભાગ્યું તૂટ્યું મેં તમો સુધારીને લેશો
ભૂલો જાણી સેવકને તો કહું પ્યારા ક્ષમા કરશો. અ૦

લેખક:—ભાઇ[illegible].

રાગ ગઝલ.

કશું ના થઈ શકે તમથી તમારા દેશને માટે ૧
જરા તો લાજ રાખોને તમારા દેશને માટે
પડે છે દુઃખ માતાને થયા શું આમ તો એદી ૨
તમારી આંખ ખોલોને તમારા દેશને માટે
પડ્યા જે કારમા ઘા તે મુંગે મોંઢે સહન કરતા ૩
બહુ ઉંઘ્યા હવે જાગો તમારા દેશને માટે
ભલે હો પારસી હિંદુ અગર હોજો મુસલમાનો ૪
ધરો સગ ભાવનાં હૃદયે તમારા દેશને માટે
પડયા શું સુખમાં ભારી પડે છે દુઃખ માતાને ૫
થાઓ હુશિયાર તમો ભાઇ તમારા દેશને માટે
રહો શું જોઇને પ્યારા દુઃખી હાલત તમારી છે ૬
તપાસોને હવે તેને તમારા દેશને માટે
હતી નીજ દેશની ચડતી વખત પડતી તણો આવ્યો ૭
જગાડોને હવે તેને તમારા દેશને માટે
હજુ વખત છે બાકી સુનેલાને જગાડોને ૮
કરો પોકાર ઓ ભાઇ તમારા દેશને માટે
લખેલું ખુબ વાંચીને તમારા દીલમાં આણો ૯
જરૂર આંસુ ઘણાં પડશે તમારા દેશને માટે
ભૂલો નહિ દેશ સેવા રે! કરશો ધાર્યું તમારૂં જે ૧૦
કરશે સાહ્ય સદા ઇશ્વર તમારા દેશને માટે
ધરજો ધ્યાન માતાનું તજી અહંકાર મગરૂરી ૧૧

તમારા દીલથી ધારી તમારા દેશને માટે
સમરવા તન મન ધનથી પ્રભુ સાથ સદા કરશે ૧૨
રહ્યો શું જોઇને વિકાસી તમારા દેશને માટે
જપી લ્યો પાઠ ઇશ્વરના ભૂલ્યા તે જરૂર દેશે ૧૩
ખરૂં ને ખોટું પ્રમાણી જરૂર ઇનસાફ તે કરશે
ખરા અક્કલ તણો હીરો ગમાડી તે જરૂર પડશે ૧૪
જુઠાને ઠોકરે મારી જરૂર શીક્ષા તેને કરશે
લખ્યું છે બુદ્ધિના બળથી અમારા બંધુઓ માટે ૧૫
હવે તેને જગાડોને તમારા દેશને માટે
કહે છોટાલાલ નમીને તો ચઢાવો સત્યનો ઝુંડો ૧૬
આખરે તે જરૂર તરશે તમારા દેશને માટે

લેખક-છોટાલાલ

આજકાલના છોકરાઓને ઉપદેશ રાગ. હરી ગીત.

મેટ્રીક બન્યા બી. એ બન્યા એમ બનીને શું કર્યું ૧
ડોકટર બન્યા પ્લીડર બન્યા ઇજનેર બનીને શું કર્યું
જાગો ત્યારે હાથમાં [illegible] શીશીઓ લઇ જજો ૨
પોમેટની ડબીઓ પેટીમાં ઘાલીને જજો
ક્રોલ્ડક્રીમ સ્નો ફેસ ભરી પરફ્યુમરીમાં ચાલજો ૩
ચેરા સામે ટગાશો ઉપર ઝુમરો લટકાવજો
સ્વર્ગમાં જાતે લેજો બ્રાન્ડી ને વીસ્કી વળી ૪
વ્હાલી તમારી પ્રેમની ચુકશો નહિ ભુલી જઇ
કોટ પાટલુન અને હેટભારી કલીન હંમેશાં રાખજો ૫

સ્ફેકટીકલ આંખે ચઢેલી શોકમાંહી સોધાવજો
શું કરો ઓ બન્ધુઓ મતી તમારી કયાં ગઇ ૬
હાથે કરી ખુવાર થાઓ વળી સુધારે ચઢી
ભૂખે મરો છો ભાવથી વિલાયતી ચીજો વાપરો ૭
એકના ચાર આપીને કહુ મૂળ ફેશનનાં આદરો
શું સુધારો વ્યાપી ગયો સત્ય માનજો હયડે ધરી ૮
આ લખાણુ મારૂં વાંચીને નિરાશ થાશો નહિ વળી
ઉપજ તમારી કયાં ગઇ ખોરાકની ત્રુટો પડી ૯
સુમતમાં આવી હોંસથી શું ચાખશો ફળ તો વળી
[illegible] તમારા ટેકને ૧૦

... કલશ કરશો નહિ એકને
સત્ય કહુ સુમીયા થશો સંપથી હંમેશાં ચાલજો ૧૧
વિનંતી મારી ઉરથી ધારી બપટુડેટ રડાવજો
ડીસ્રી તણા છોગા ચઢી જ્યાં ધર્મને વિસરાય છે ૧૨
હર હર સુધારે હિંદમાંથી શું ગયું શું જાય છે.
વિનંતી કરી ભઇલાલ કહે ફેશન મહી શુ ચાખીયુ ૧૩
બતલાવોને ઓ બંધુઓ ફળ શું સુધારે આપીઉં

લેખક-ભાઇલાલ

સ્વદેશી સુગંધ સાહીત્ય

ક્યાંથી ખરીદશો.

સુગંધીદાર વસાણાઓથી બનેલા દરેક જાતના તેલો, પવિત્ર અત્તરો, અગરબત્તી, કેસર, કસ્તુરી, અંબર, ધુપેલના ગળાં, ગુલાબજળ, સોનાં ચાંદીના વરખ, પંચધુપ, ખાસ જૈનમંદિરો માટે દસાંગ ધુપ, વાસક્ષેપ, સાચી રૂદ્રાક્ષની માળાઓ વગેરે વગેરે ખરીદવા માત્ર એકજ સ્થલ.

સુરૈયા બ્રધર્સ જૈની

સુરત બરાનપુ... ......

બે બોલ.

સાહેબોની સેવામાં આશા રાખું છું કે આ નાનકડી ચોપડીના લખાણ અંગે કોઈ જગાએ ભૂલ માલુમ પડતી હોય તો માફી આપી ભૂલ સુધારી લેશો એવી આશા છે. કદાચ કોઈ શબ્દો પણ ખારે લાગતા હોય તો આ મારી પહેલીજ કલમ જાણી ગણે માફી આપશો.

લી. ભાઈલાલભાઈ દેશઈભાઈ.